Vol No. 63 - Issue No. 6
Total - 40 Pages
September - 2019

Price Rs. 1/-
R.N.I.No. : 11555 / 1966



# જ્યોતિપુંજ
# JYOTI PUNJ

## સાધના અને આરાધનાનો તહેવાર એટલે નવરાત્રિ

શક્તિ અને ભક્તિનું પર્વ એટલે નવરાત્રિ. નવરાત્રિનો સમૂહ. સૂર, તાલ અને લયનો અદ્ભૂત ત્રિવેણી સંગમ. દૈવી શક્તિનો આસુરી શક્તિ ઉપર વિજયનો ઉત્સવ.

'નવ' નો અંક એટલે સ્વયં સર્વશક્તિમાન. ભગવાન પણ સૃષ્ટિનું નવસર્જન કરે છે. નવ શબ્દનો ઉપયોગ સર્વવ્યાપક છે. નવરાત્રિ, નવદુર્ગા, નવ નિર્માણ, નવરંગ, નવચેતન, નવસર્જન, નવવધૂ. આ સમગ્ર ચેતન પાત્રનું સંચાલન કરનાર નવ સત્યો છે. બ્રહ્માંડ નવ તત્ત્વોને આધારે ચાલે છે. તેવી જ રીતે નવગ્રહો, નવ મનુઓ, નવ દ્વીપો, નવ નાગ, નવ મનુષ્ય સમૂહો, નવ રત્નો, કુબેરના નવ ભંડાર, મનુષ્ય દેહમાં રહેલી નવનાડી, જીવનમાં નવરસ જેવા કે શૃંગાર, હાસ્ય, કરુણ, રૌદ્ર, ભયાનક, બીભત્સ, અદ્ભૂત અને શાંતિ. પૌરાણિક ભૂગોળ પ્રમાણે નવખંડો, નવધાભક્તિ - શ્રવણ, કિર્તન, સ્મરણ, પાદસેવન, અર્ચન, વંદના, સખ્ય, દાસ્ય, આત્મનિવેદન. આમ આપણા જીવનમાં નવના અંકનું મહત્વ ઘણું છે.



**શ્રી બાલાસિનોર નવયુવક સંઘ સંચાલિત**
ઉપનગર વિભાગ - દાંડિયા રાસ
રવિવાર, તા. ૨૦-૧૦-૨૦૧૯
વધુ વિગત પાના નં. ૯

**શ્રી બાલાસિનોર નવયુવક સંઘ સંચાલિત**
લાલખા - બેરા ટર્ફ ટેનીસ ટુર્નામેન્ટ ૨૦૧૯-૨૦૨૦
રવિવાર, તા. ૧૦-૧૧-૨૦૧૯
વધુ વિગત પાના નં. ૭

legrand®

LIVE THE ADVANTAGE

AUTHORISED DISTRIBUTOR STOCKIST

matchwell ELECTRIC COMPANY

COMPLETE PRODUCT RANGE – DEPENDABLE HOUSE

**WHY LEGRAND AT MATCHWELL**

INQUIRE TURNOVER SCHEME & DISCOUNT POLICY.
ELECTRICIAN INSURANCE SCHEME & WARRANTY POLICY

## legrand® Product Brands

| | |
|---|---|
| ARTEOR™ | DRX™ MCCB |
| MYRIUS™ | DX$^3$ MCB |
| MYLINC™ | DLP - LCS$^2$ |
| BRITZY | LYNCUS™ |
| RX$^3$ MCB-RCCB | EKINOXE™ DB |
| DPX$^3$ MCCB | RETAIL DB |

**Why 1st Choice ?**

* Energy Distribution upto 6300A
* Control and Command
* Voice Data Images
* Active International Presence.
* World leader in wiring Devices and Cable Management
* Product Design – A lever in differentiation-Continuation Innovation

AVAILABLE UNDER ONE ROOF - matchwell legrand®

# MATCHWELL ELECTRIC COMPANY

## HINDUSTAN TAPEX COMPANY

**ADMINISTATIVE SHOP :** Gr. Floor, 'C' BHANGWADI, KALBADEVI ROAD, MUMBAI - 400 002.
**PHONE** : 66336766/ 22080067/ 22063916. **TALLKFREE** :- 022-39567272 /373
**E-mail** : matchwellelectric@gmail.com / finematch@hotmail.com

**DISPLAY SHOWROOM :** Shop-8, Muljijetha CHS Ltd. 191-Princess street, Marine Lines (E), MUMBAI – 400 002
**PHONE** : 022-39567627/ 022- 49764924/ **Kirit Dharia - 9820088069, (PRATIMA - 9820152644).**
**E-mail** : tapesindustrial@yahoo.co.in ; Web www.matchwellelectric.com
**SANJIV DHARIA – 8850964343/9820131333, (PARUL - 9320331333).**

legrand® BCH LUKER (J.V. LUKER - USA) steelgrip PVC ELECTRICAL INSULATION TAPE

Pidilite WD-40 m-seal® KERAKOLL ADHESIVES WONDER TAPES

# જ્યોતિ પુંજ


| વર્ષ | અંક | તારીખ |
|---|---|---|
| ૬૩ | ૬ | ૨૧-૦૯-૨૦૧૯ |

છુટક કિંમત : **રૂા.૧/-** વાર્ષિક લવાજમ : **રૂા.૧૦/-**

બંકિમ રજનીકાન્ત પરીખ (તંત્રી)
(જુનાગઢવાળા)
જતીન દેસાઈ / પ્રશાંત પરીખ
તુષાર કડકીઆ / નિમીષા જી. કડકીઆ



પત્રવ્યવહારનું સરનામું
**બંકિમ પરીખ (ફોન : ૨૨૦૫૯૬૦૧)**
ડાયમંડ ઈલેક્ટ્રીક કંપની, ઈ/૨૧ બી,
નિરવ મેન્શન, બીજે માળે, ભાંગવાડી
કાલબાદેવી રોડ, મુંબઈ-૪૦૦ ૦૦૨.
**ફોન :** ૯૮૨૦૪૩૪૩૨૨

❖❖❖

મંત્રી : ભાવેશ બીપીન મોદી (ઠાસરાવાલા)
**એ. કે. એન્ટરપ્રાઈઝ**
૫૪-બી, ગૌરક્ષક ચાલ, ૧ લે માળે, રૂમ નંબર -૧૩,
ફણસવાડી, મુંબઈ-૪૦૦ ૦૦૨
ટે.(ઓ.) : ૨૨૦૬૦૦૦૯ (મો.) : ૯૮૬૯૦૮૦૨૮૭

❖❖❖

**: કાર્યાલય :**
૧૧૮/૧૨૦, અર્દેશર દાદી સ્ટ્રીટ, વી.પી. રોડ,
મુંબઈ - ૪૦૦ ૦૦૪. ટે.નં. : ૨૩૮૮ ૭૦૦૬

❖❖❖

**: સમય :**
સોમવાર થી શનિવાર ૨ થી ૭ (સાંજે)
રવિવાર ૯.૩૦ થી ૧૧.૩૦ (સવારે)
દર બુધવારે સંસ્થાની ઓફિસ બંધ રહેશે.
**Visit us at www.balasinor.org**


# ગુજરાતી સિનેસૃષ્ટિના રૂપેરી પડદે ઉગ્યો સોનેરી સૂરજ
# ‘હેલ્લારો’

તંત્રી સ્થાનેથી

✍ **બંકિમ રજનીકાન્ત પરીખ (જુનાગઢવાળા)**

- ૨૦૧૯નો સર્વશ્રેષ્ઠ ફિલ્મ એવોર્ડ તથા સ્પેશિયલ જ્યુરી એવોર્ડ જીતનારી પ્રથમ ગુજરાતી ફિલ્મ.
- છેક ૧૯૩૨ થી ગુજરાતી ફિલ્મ બનવાની શરૂ થઈ હતી અને ૨૦૧૯ના વર્ષે તમામ ભાષાઓની ફિલ્મોમાં મેદાન મારી જનારી બેસ્ટ ફિચર ફિલ્મ સાબિત થઈ ‘હેલ્લારો’.
- હેલ્લારો એટલે અંતરની અભિવ્યક્તિનું મોજું, કલાકારોની સુપરડુપર એક્ટિંગને લીધે તેર મહિલા કલાકારોને જ્યુરીનો બેસ્ટ એક્ટ્રેસનો એવોર્ડ પણ મળ્યો છે.
- યુવાન દિગદર્શક અભિષેક શાહે પહેલું પગલું મૂક્યું ત્યાં જ શિખરે પહોંચી ગયો.
- મિત્ર તુષાર દવેએ કચ્છની લોકકથાની એકલાઈન સંભળાવી જેણે અભિષેક શાહના ભીતરમાં આગ લગાડી.
- લોકકથાના બીજને ભાગીદારોનો સાથ મળ્યો, પ્રતિક ગુપ્તાએ પટકથા લખી, સૌમ્ય જોશીએ સુંદર સંવાદ અને ગીતનો સુમેળ કર્યો.
- સમગ્ર ગુજરાતી સિનેસૃષ્ટિને શિખરે પહોંચાડનાર અભિષેક શાહ અને તેની સમગ્ર ટીમને લાખ લાખ ધન્યવાદ.

કચ્છની લોકકથા ને ફિલ્મમાં સંગીતમય રીતે રજૂ કરવામાં આવી છે. ગુજરાત અને ગુજરાતીપણાની

મહેક સાથેની આ ફિલ્મ છે, 'હેલ્લારો' લોકનૃત્ય ગરબા અને સ્ત્રીઓની અભિવ્યક્તિને કેન્દ્રમાં રાખીને બનાવાયેલી આ ફિલ્મમાં સૌમ્ય જોશીના ગીતો અને મેહુલ સુરતીનું સંગીત છે. ઐશ્વર્યા અને સલમાનખાનનો લાજવાબ અભિનય સૌએ ફિલ્મ 'હમ દિલ દે ચૂકે સનમ'માં જોયો. આ ફિલ્મમાં ગુજરાતના લોકનૃત્ય ગરબાએ ઢોલી તારો ઢોલ બાજે... ના રૂપમાં ચાર ચાંદ લગાવ્યા હતા. સલમાન ને આ ગુજરાતી લોકનૃત્ય ગરબામાં ઢાળવા સમીર તન્ના અને અર્શ તન્નાએ તાળી, ઠેસ અને હીંચ શિખવી ગરબે ઘૂમતો કર્યો હતો. હેલ્લારો ફિલ્મામાં ચાર ગરબા છે. આ ચાર ગરબાની કોરિયોગ્રાફી સમીર અને અર્શ તન્નાએ જ કરી છે. અદ્‌ભૂત ગરબા ગૂંથણી અને અનન્ય વેશભૂષા દ્વારા રજૂ કરતા ચાર ગરબા આકર્ષણના કેન્દ્ર સ્થાને છે.

સરહદ પાસેના કચ્છના ગામડાની પસંદગી આ ફિલ્મ નિર્માણ માટે થઈ હતી. ૧૯૭૫ના વખતની રહેણીકરણી, સંસ્કૃતિ દર્શાવવાના હેતુથી ૨૫ સાચા ઘર બાંધવામાં આવ્યાં. આ પ્રદેશની આહીરાણીઓના સંગીતપ્રેમને ફિલ્મમાં નવાજવામાં આવ્યો છે. વાંસળીના સૂર સાંભળી કૃષ્ણ મિલનના તલસાટમાં જેમ ગોપીઓ ઘરના કામકાજ ભૂલી જતી, તેમ ઢોલીડાના ઢોલના તાલે આહીરાણીઓ નાચતા-નાચતા એટલી તલ્લીન બની જાય છે કે ઘર-પરિવારના છોકરા, કામકાજનું કંઈ ધ્યાન રહેતું જ નથી અને સંગીતના સૂરમાં ઢોલના તાલે નાચતી આ કચ્છની નારીઓને ખબર જ રહેતી નથી કે ક્યારે સવારે પડી ગઈને ક્યારે સૂરજ ઉગવા લાગ્યો. રસ જળવાઈ રહે તે હેતુથી ફિલ્મની કથા અકબંધ રાખું છું.

છેલ્લા કેટલાક સમયથી નવીનતાથી સભર સુંદર રીતે કચકડે મઢેલી ગુજરાતી ફિલ્મો આવતી થઈ છે. આવી સુંદર શરૂઆતોમાં સૌના આશ્ચર્ય વચ્ચે અભિષેક શાહે મેદાન માર્યું છે.

ગુજરાતી પ્રજાને ગુજરાતીપણા માટે, ગુજરાતી ભાષા માટે ગર્વ થાય. તેમ તમામ ભાષાઓની ફિલ્મો વચ્ચે આપણી ગુજરાતી ફિલ્મ 'હેલ્લારો' ૨૦૧૯ વર્ષ માટે પ્રથમ સ્થાને પસંદગી પામી.

આ ફિલ્મ ઓક્ટોબર મહિનામાં રિલીઝ થશે. નવી પેઢીને પ્રોત્સાહન આપવા, પીઠબળ આપવા આપણે સૌએ ભાગીદાર થવું જોઈએ. આ ફિલ્મ પ્રત્યક્ષ નિહાળીને હિપ... હિપ... હુરેરે.... હિપ... હિપ.... હુરેરે.....

★★★★★

## દિવાળીમાં બાલાસિનોર ખાતે જમણવાર

સહર્ષ જણાવતા આનંદ થાય છે કે આ વખતે માદરેવતન વાડસોલ ખાતે દિવાળી પર્વ દરમ્યાન તા. ૨૫-૧૦-૨૦૧૯ થી તા. ૨૯-૧૦-૨૦૧૯ (વાઘ બારસ થી ભાઈબીજ) સુધી વણિક વાડીમાં સવાર, સાંજ ભોજનની વ્યવસ્થા રાખેલ છે.

**ખર્ચ વ્યક્તિ દીઠ**

**રૂા. ૧૭૫/-(એક દિવસ) ના રાખેલ છે.**

**વધુ સંપર્ક માટે નીચેની વ્યકિતઓનો સંપર્ક કરવો.**

**શ્રી મણીકાંત કડકીઆ - ૯૮૨૫૬૪૨૯૪૧**
**શ્રી કેદાર ગાંધી - ૯૮૨૧૬૮૪૭૭૨**
**શ્રી નિરંજનભાઈ દેસાઈ - ૯૮૩૩૨૧૪૯૩૧**
**શ્રી વસંત દેસાઈ - ૯૮૨૧૦૫૪૩૨૯**
**શ્રી મહેન્દ્રભાઈ મોદી - ૯૮૨૦૦૧૦૭૨૯**

## શ્રી બાલાસિનોર નવયુવક સંઘ સંચાલિત
## શ્રીમતી મનોરમાબેન હસમુખલાલ ધારીઆ (સુરતવાળા) પુરસ્કૃત
## શ્રી દિલીપભાઈ મુળજીભાઈ ધારીઆ (લાલખા) તથા
## શ્રી પૂનમચંદ સાંકરલાલ કડકીઆ (બેરા) આયોજીત

# લાલખા – બેરા ટર્ફ ટેનીસ ટુર્નામેન્ટ ૨૦૧૯–૨૦૨૦

સહર્ષ જણાવવાનું કે બાલાસિનોરના તમામ ક્રિકેટ પ્રેમીઓ, મિત્રો તથા કુટુંબોએ ૨૦૧૮-૨૦૧૯ની ક્રિકેટ ટુર્નામેન્ટ વખતે જે પ્રોત્સાહન અને સહકાર આપ્યો હતો તે બદલ સૌને ધન્યવાદ અને....

આપ સૌના પ્રેમ, લાગણી અને સહકારને ધ્યાનમાં રાખીને આ વખતે ફરીથી અમે ૨૦૧૯-૨૦૨૦ની ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન કર્યું છે.

**તારીખ** : **૧૦-૧૧-૨૦૧૯, રવિવાર**

**સ્થળ** : ફનશાળા સ્પોર્ટસ ટર્ફ, હશમભૉય કંપાઉન્ડ, રાણીબાગની પાસે, વન્ડર કિડસ્‌ની સામે, ભાયખલા (ઈસ્ટ)

**સમય** : સવારે ૯.૦૦ થી શરૂઆત થશે.

**એન્ટ્રી ફી** : રૂા. ૧૦૦૦/-

**અન્ય સગવડો તથા વિતરણ :** ડ્રીંક્સ, ફુડ, એક ટી શર્ટ, ઓછામાં ઓછી ચાર લીગ મેચમાં રોકડ ઈનામ મળશે.

આ ક્રિકેટ ઈવેન્ટને સફળતા આપવા આપ સૌને મોટી સંખ્યામાં ભાગ લેવા નમ્ર વિનંતી.

**એન્ટ્રી માટેની છેલ્લી તારીખ : ૩૧-૧૦-૨૦૧૯**

**નીચે જણાવેલ કોઈપણ કમિટી મેમ્બર પાસે તમારી એન્ટ્રી કરાવશો.**

| | | |
|---|---|---|
| **અર્પૂવ ધારીઆ** | **રુચિત દોશી** | **રોહન ધારીઆ** (Paytm) |
| ૯૮૩૩૧૦૩૫૦૬ | ૯૮૨૧૦૬૮૧૯૭ | ૯૮૨૦૮૦૬૪૧૧ |
| **રોહન દેસાઈ** | **રિકીત મોદી** ([illegible]) | **ઉર્મિલ કડકીઆ** |
| ૯૮૩૩૪૩૩૯૯૩ | ૯૮૨૦૭૮૨૮૦૪ | ૯૮૧૯૧૮૩૩૭૯ |

**મંત્રી – ભાવેશ બિપીન મોદી** **સંયોજક – રિપલ પરીખ – ૯૮૨૦૧૭૬૦૯૨**

---

## શ્રી બાલાસિનોર નવયુવક સંઘ સંચાલિત
## શ્રી રજનીકાંત કાંતિલાલ કડકીઆ (ધરીવાળા) પુરસ્કૃત

# ૬૮ મો વાર્ષિક રસોત્સવ

## મુખ્ય મહેમાન : શ્રી મહેશભાઈ નટવરલાલ મોદી (શહેરાવાળા)


**રવિવાર, તા. ૧૭-૧૧-૨૦૧૯ • સમય : સવારે ૧૦.૦૦ કલાકે**

**સ્થળ : પ્રબોધન ઠાકરે નાટ્યગૃહ, ચામુંડા સર્કલની પાસે, બોરીવલી (વેસ્ટ), મુંબઈ – ૪૦૦૦૯૨**


વધુ માહિતી આગામી અંકમાં આપીશું.

મંત્રી – ભાવેશ બિપીન મોદી સંયોજન – તેજસ હેમેન્દ્ર શાહ (૯૩૨૪૩૫૦૭૩૫)

## શ્રી બાલાસિનોર નવયુવક સંઘ સંચાલિત
## શ્રીમતી મીનાબેન સુધીરભાઈ ધારીયા (રંગુનવાળા) પુરસ્કૃત
### ઉપનગર વિભાગ



# દાંડિયા રાસ



### મુખ્ય મહેમાન

## શ્રી ગોપાલદાસ બાબુલાલ મોદી (મેઘલીયાવાલા)

### તા. ૨૦-૧૦-૨૦૧૯, રવિવારે, સાંજે ૬.૦૦ કલાકે

**સ્થળ : શ્રી મહિલા આધાર ભવન, રઘુલીલા મોલની બાજુમાં પોઈસર જીમખાના રોડ, કાંદિવલી (વે), મુંબઈ – ૬૭**

દાંડિયા રાસ ઉંમર પ્રમાણે ગ્રુપ પાડીને રમાડવામાં આવશે.

આ સાથે શ્રીમતી મણીબેન મણિલાલ શાહ (ઝાટ) પુરસ્કૃત પારિતોષક વિતરણ યોજના નર્સરી, કે.જી. અને ધોરણ ૧ થી ૯ ઉપનગર વિભાગમાં રહેતા બાળકો માટે રાખેલ છે. જેમણે માર્કશીટની કોપી ન આપી હોય તે તા. ૪.૧૦.૨૦૧૯ પહેલા સંસ્થામાં અથવા નીચેના કાર્યકર્તાઓને પહોંચાડી આપવી અને રિઝલ્ટની પાછળ પોતાનું નામ, સરનામું અને ટેલીફોન નંબર જરૂર લખવાના રહેશે.

### નાસ્તા માટે સૂચના

નાસ્તાની કૂપન **રૂા. ૧૦૦/-** વ્યક્તિ દીઠ રાખેલ છે.

કુપન **તા. ૧-૧૦-૨૦૧૯ થી તા. ૧૫-૧૦-૨૦૧૯** સુધી


નીચેના કાર્યકર્તા પાસેથી લઈ લેવા વિનંતી.

**(૧) શ્રી વસંત દેસાઈ – ૯૮૨૧૦૫૪૩૨૯ (૨) શ્રી ઉર્મિલ કડકીયા – ૯૮૧૯૧૮૩૩૭૯**

**(૩) શ્રી અજય દોશી – ૯૮૧૯૩૪૨૮૫૬ (૪) સંસ્થા ઓફિસ – ૨૩૮૮૭૦૦૬**

**(૫) શ્રી મયુર ર. શાહ (નાગદેવી) – ૯૮૬૯૭૬૭૧૪૨**


**મંત્રી – શ્રી ભાવેશ મોદી** **સંયોજક – શ્રી વસંત દેસાઈ**



## શ્રી બાલાસિનોર નવયુવક સંઘ સંચાલિત

## શ્રીમતી મીનાબેન સુધીરભાઈ ધારીયા (રંગુનવાલા) પુરસ્કૃત

# ઉપનગર વિભાગ દાંડિયા રાસ



## મુખ્ય મહેમાન – શ્રી ગોપાલદાસ બાબુલાલ મોદી (મેઘલીયાવાલા)



આ વર્ષના ઉપનગર વિભાગના દાંડિયા રાસના મુખ્ય મહેમાન શ્રી ગોપાલદાસ મોદીનો પરિચય એટલે એક અનોખું આગવું વ્યક્તિત્વ 'જેવું મોટું કદ એવું મોટું કામ !'

શ્રી ગોપાલભાઈનો જન્મ બાલાસિનોર ખાતે વર્ષ ૧૯૫૪માં મંજુલાબેન મોદીને ત્યાં થયો હતો. કુટુંબમાં બે ભાઈશ્રી મહેન્દ્રભાઈ અને શશીકાન્તભાઈ અને એક બેન શિલ્પાબેનમાં તેઓ સૌથી મોટા. તેઓએ ધોરણ S.Y.B.Sc. સુધી અમદાવાદ ખાતે અભ્યાસ કર્યો અને વર્ષ ૧૯૭૨માં મુંબઈ આવી નોકરી કરી.

૧-૧-૧૯૭૪ થી તેઓએ પોતાનો સ્વતંત્ર ધંધો **Bijoy Steel Corporation** ના નામથી નાગદેવી ખાતે શરૂ કર્યો અને વ્યક્તિગત પ્રતિભા અને સાહસથી ખૂબ વિકસાવ્યો.

૧૭-૧૨-૧૯૭૮ના કોકિલાબેન સુન્દરલાલ કડકિયાઆ (ખીસાદાર) ની સુપુત્રી ઉર્વશીબેન સાથે તેમણે પ્રભુતામાં પગલા માંડયા. જીવનમાં ઉર્વશીબેનનો એમને ખૂબ સાથ અને સહકાર મળ્યો. ઉર્વશીબેન એમની સાથે ખભે ખભા મિલાવીને ચાલ્યા. ઉર્વશીબેનનું એમને ખૂબ પીઠબળ મળ્યું. ગોપાલભાઈ અને ઉર્વશીબેનને બે પુત્રી હેમાલી, મિત્તલ અને પુત્ર મૃગેનને સંસ્કાર અને ઉચ્ચ શિક્ષણ આપીને ઉછેર્યા. મોટી પુત્રી હેમાલી જમાઈ આશિષકુમાર સાથે લગ્ન કરી ઠાકુરદ્વાર ખાતે રહે છે. નાની પુત્રી મિત્તલ બેંગ્લોર ખાતે ડૉક્ટર છે અને જમાઈ જ્ઞાનેશકુમાર ગુગલ કં. માં ઉચ્ચ સ્થાને જોબ કરે છે. તેમનો પુત્ર મૃગેન અને પુત્રવધુ શ્રધ્ધા બન્ને ફિઝીયોથેરેપી ડૉક્ટર છે અને તેઓ મલાડ અને બોરીવલી ખાતે પોતાની સ્વતંત્ર ક્લિનિક ધરાવે છે.

હાલમાં ગોપાલભાઈ અને ઉર્વશીબેન પુત્ર મૃગેન, પુત્રવધુ શ્રધ્ધા, પૌત્ર કિઆન અને પૌત્રી સાહીસા સાથે નિવૃત્ત જીવનનો આનંદ માણે છે અને ધાર્મિક પ્રવૃત્તિઓમાં ભાગ લે છે. તેઓને દેશ વિદેશના પ્રવાસ કરવાનો પણ શોખ છે. સમાજ માટે વતન માટે કશુંક કરવાની લાગણીથી વતન સાથે પણ જોડાયેલા છે. નિવૃત્તિનો થોડો સમય તેઓ વતન ખાતે પણ વિતાવે છે.

સંસ્થા તરફથી લખીએ તો.....

**'એક પગલું મળ્યું એનો આનંદ છે**

**ગોપાલભાઈ જેવા અનેક પગલા જોડાશે તો ખૂબ સંતોષ થશે !!!**

ગોપાલભાઈ જેવા સાલસ અને નિખાલસ વ્યક્તિ નવયુવક સંઘને આ વર્ષે મુખ્ય મહેમાન તરીકે મળ્યા છે. તેમનું સ્નેહ અને આદર સાથે સન્માન કરતા સંસ્થા ગૌરવ અનુભવશે.... !

# શ્રી બાલાસિનોર નવયુવક સંઘ

## શ્રી બાલાસિનોર નવયુવક સંઘ તથા

## શ્રી દક્ષેસભાઈ શ્રી મીનીષભાઈ કડકીયા (કડકીયા એન્ટરપ્રાઈઝ) પુરસ્કૃત

## આંતરિક રમત-ગમત ૨૦૧૯-૨૦૨૦

### સ્પર્ધાના નામો

(૧) કેરમ સીંગલ્સ અને ડબલ (૨) કેરમ સીંગલ્સ

(૩) કેરમ સુપરહિટ મુકાબલા (૪) ચેસ

કન્વીનરને ગેમ રદ કરવી અથવા બદલવાનો અધિકાર રહેશે.

આ સ્પર્ધાનું આયોજન તા. ૬-૧૦-૨૦૧૯ રવિવારના રોજ સવારે ૯.૩૦ વાગે સંસ્થાની ઓફિસમાં સી.પી.ટેન્ક ખાતે શરૂ થશે. કેરમની બધી જ ગેઈમ્સ રમાડવામાં આવશે. શક્ય હશે તો તેજ દિવસે ચેસની રમત રમાડવામાં આવશે.

જેઓને ઉપર જણાવેલ રમતમાં ભાગ લેવો હોય તેઓએ નીચે જણાવેલ કાર્યકર્તાઓનો સંપર્ક કરવા વિનંતી.

**(૧) કિંજલ પંકજ પરીખ (સંયોજક) - ૯૮૨૦૮૧૫૫૮૪**

**(૨) અજીત નટવરલાલ મોદી (સભ્ય) - ૯૮૬૯૦૨૯૪૮૬**

**(૩) સંસ્થાની ઓફિસ**

એન્ટ્રી માટે રૂા. ૫૦/- ભરવાના રહેશે. **નોંધ :** જમવાની વ્યવસ્થા કરવામાં આવેલ છે.

**મંત્રી - ભાવેશ બીપીન મોદી** **સંયોજક - કિંજલ પંકજ પરીખ**

## શ્રી બાલાસિનોર નવયુવક સંઘ સંચાલિત

## ડૉ. બાબુલાલ મોહનલાલ પરીખ (વકીલ) પરિવાર

## દિવાળી પર્વ આર્થિક રાહત યોજના

ઉપોરક્ત યોજના હેઠળ **શ્રી બાબુલાલ મણીલાલ કડકીઆ (વલ્લભઘેલા)** એ **રૂા. ૫૩,૦૦૦/-** નું માતબર દાન આપ્યું છે. સંસ્થા તેમનો તથા તેમના કુટુંબીજનોનો આભાર માને છે.

સતત નવમાં વર્ષે આર્થિક સહાય લેતા કુટુંબોને સંસ્થા તરફથી આ યોજના હેઠળ સહાય મુંબઈ વસતા કુટુંબોને તા. ૧૪-૧૦-૨૦૧૯ થી તા. ૧૯-૧૦-૨૦૧૯ સુધી શ્રી બાલાસિનોર પ્રગતિ સમાજની ઓફિસ ખાતેથી કામકાજના સમયે બપોરે ૧ ૨ થી ૫ કલાક દરમ્યાન આપવામાં આવશે.

બહારગામમાં વસતા કુટુંબોને મનીઓર્ડર મારફતે સહાય મળશે.

બાલાસિનોર ખાતે વસતા કુટુંબોને **શ્રી મણીકાન્ત કડકીઆ** મારફતે સહાય આપવામાં આવશે.

**મંત્રી - શ્રી ભાવેશ બિ. મોદી** **સંયોજક - શ્રી મયુર ર. શાહ**

# બંધનની કેમિસ્ટ્રી

✍ સંકલન

બહારનું જગત છે પદાર્થનું (પુદ્‌ગલનું), જેનાથી આપણે પરિચિત છીએ. આપણી ભીતર પણ એક જગત છે અને તે છે પરમાત્માનું (આત્માનું), જેનાથી આપણે અપરિચિત છીએ. પદાર્થ દેખાય છે, પરમાત્મા દેખાતા નથી. પદાર્થ સ્પર્શી શકાય છે, પરમાત્માને સ્પર્શવાનો કોઈ ઉપાય નથી. આ કારણે પદાર્થનું જગત આપણા માટે સર્વસ્વ થઈ ગયું છે અને પરમાત્મા સાથે જાણે કોઈ સંબંધ જ રહ્યો નથી.

કઈ રીતે ભીતરના પરમાત્મા સાથે સંબંધ થઈ શકે ? કઈ રીતે આપણે બહાર પકડાઈ ગયા છીએ અને અટકી ગયા છીએ ? કોણે આપણને પદાર્થ સાથે બાંધી દીધા છે ? પદાર્થે ? જડ પદાર્થ તો કોઈને પણ કઈ રીતે બાંધી શકે ? બાંધનાર કોઈ બીજું જ છે. જડ પદાર્થ નહીં, પણ કોઈ બીજું જ છે.

એક મોટા મકાનમાં આગ લાગી છે અને તેનો માલિક રડી રહ્યો છે. તે બૂમો પાડી રહ્યો છે, કારણ કે તેનું મકાન બળી રહ્યું છે. કોઈ વ્યક્તિ તેની પાસે આવે છે અને કહે છે કે રડવાની કોઈ જરૂર નથી, વ્યર્થ દુઃખી ન થાઓ. ગઈકાલે જ તમારા દિકરાએ આ મકાન કોઈને વેંચી દીધું છે. મકાન બળી રહ્યું છે પણ હવે તે દુઃખી નથી, રડતો નથી. આ જ મકાન થોડો સમય પહેલાં બળતું હતું ત્યારે તે દુઃખી હતો અને હવે ખબર પડી કે મકાન વેંચી દીધું છે તો..... એ જ વ્યક્તિ છે, એ જ મકાન છે, મકાન બળી પણ રહ્યું છે અને છતાં હવે તે દુઃખી નથી. શું ફરક પડ્યો ? મકાન હવે 'મારું' નથી રહ્યું ! અર્થાત્ મકાને બાંધ્યો નહોતો પણ મમત્વએ બાંધ્યો હતો. મકાન બળતું હતું તેથી દુઃખી નહોતો. 'મારું' બળી રહ્યું હતું તેથી દુઃખી હતો. મકાન વેચાઈ ગયું, મારું ન રહ્યું, હવે એ બળે કે ન બળે કોઈ ફરક પડતો નથી!!! ત્યાં તો એનો દીકરો દોડતો આવ્યો અને કહ્યું કે મકાનનો સોદો તો થઈ ગયો હતો પણ હજુ પૈસા આવ્યા નથી. હવે મકાન જ બળી ગયું છે તો કેવો સોદો અને શેના પૈસા? પેલો માણસ પાછો રડવા લાગ્યો, બૂમો પાડવા લાગ્યો !!! મકાન એ જ પણ હવે પીડા પાછી શરૂ થઈ ગઈ, તે પાછો દુઃખી થઈ ગયો. કોણ બાંધે છે બહાર ? પદાર્થ ?

## કારણ છે મમત્વ

પદાર્થ કોઈને પણ બાંધવામાં સમર્થ નથી. બાંધે છે મમત્વ. 'મારું' એ ભાવ જીવને બાંધે છે. બાંધે છે 'હું'નો ફેલાવ. 'હું' જ્યાં જ્યાં ફેલાય છે, ત્યાં ત્યાં જીવ બંધાય છે. જ્યાં જ્યાં મમત્વ રહ્યું છે, ત્યાં ત્યાં જીવ બંધાય છે. મારો પુત્ર, મારી પત્ની, મારું ઘર, મારો મિત્ર.... એમ જ્યાં જ્યાં મારાપણાનો ભાવ છે, ત્યાં ત્યાં જીવ બંધાય છે.

બંધનનું સૂત્ર શું છે? ગુલામીને સૂત્ર શું છે? પરતંત્રતાનો મૂળ આધાર શું છે ? પદાર્થ ? ના. બંધનનું મૂળ કારણ છે 'હું' ભાવ,'હું' ભાવનો વિસ્તાર - મમભાવ, 'હું' ભાવ જેટલો ફેલાય, મમભાવ જેટલો હોય તેટલો જીવ બંધાય. આપણે સંસારમાં એવી વ્યક્તિને સફળ કહીએ છીએ કે જેનો 'હું' ભાવ વધારે પદાર્થો સુધી ફેલાયો હોય. માણસ જેટલી વધારે વસ્તુને 'મારી' કહી શકે તેટલો તે વધુ મોટો, સફળ, સુખી એમ આપણે માનીએ છીએ અને જેની પાસે 'મારું' એવું કહેવા માટે ઓછા પદાર્થ હોય કે કોઈ પદાર્થ ન હોય તેને આપણે નાનો, અસફળ, દુઃખી, દીન માનીએ છીએ.

પોમ્પે નગરમાં એકવાર જવાળામુખી ફાટયો અને અડધી રાતે લાખો લોકો સામાન લઈને ભાગવા માંડયા. એક ફકીર હતો એ નગરમાં. તે પણ નીકળ્યો તેના ઘરમાંથી અને ચાલવા લાગ્યો. રસ્તામાં બધા ભાગી રહ્યા હતા, પોતાના કિંમતી સામાન સાથે. જેની પાસે જે હતું, જે હાથમાં આવ્યું એ લઈને ભાગી રહ્યા હતા પણ ફકીર નિર્બોજ - જાણે સવારે લટાર પર નીકળ્યો હોય તેમ જઈ રહ્યો હતો. કોઈએ પૂછયું,'શું તમે તમારું કંઈ જ

બચાવી શક્યા નહીં?' તેણે કહ્યું, 'જે પણ મારું છે તે મારી સાથે છે. મારું બધું જ હું બચાવી લાવ્યો છું.' લોકોને થયું કે તેનું બધું જ બળી ગયું લાગે છે અને તે કહેતો કે મારું જે હતું તે બળી શકે એમ નથી, છૂટી શકે એમ નથી. જે મારું છે તે મારી સાથે જ છે. 'મેરા સો જાવે નહીં, જાવે સો મેરા નહી.' આખું નગર દોડી રહ્યું હતું. બધા રડી રહ્યા હતા. બચાવી બચાવીને ભાગી રહ્યા હતા. જેમની મોટી હવેલીઓ હતી તેમનું ઘણું છૂટી ગયું. જેમની ઝૂંપડી હતી તેમનું પણ છૂટી ગયું. ભલે ઓછું છૂટયું પણ છૂટયું તો ખરું. ઝૂંપડી તો છુટી જ ને ઝૂંપડીમાંથી બધું કાઢીને સાથે લઈ શકયા હોય તો પણ ઝૂંપડી તો છૂટી જ ગઈ ને ! અને જેનો મમભાવ વિસ્તીર્ણ હોય છે તેને જે બચી ગયું હોય તે દેખાતું નથી પણ જે છૂટી ગયું હોય તે જ દેખાય છે. લોકો તે ફકીરને પૂછતા કે તમારું કાંઈ બચ્યું નથી અને છતાં તમે હસી રહ્યા છો ! આ કઈ રીતે શક્ય છે? અને તે ફકીર કહેતો કે ગુમાવવાનું કાંઈ હતું નહીં તો બચાવવાનો સવાલ જ ક્યાં રહે ? અને હસું છું માત્ર એટલા માટે કે તમે આટલું બધું લઈને ભાગી રહ્યા છો અને છતાં રડો છો ! ફેલાવો એટલો વધારે છે કે રડવું એ નિયતિ બની જાય છે. વિસ્તારની માત્રા જેટલી વધારે, આંસુની માત્રા તેટલી વધારે. જેટલો ફેલાવ તેટલી પીડા, તેટલું બંધન !

કોણ બાંધે છે બહાર? આ વાતને જો યથાર્થ રીતે સમજી લેવામાં ન આવે તો ભીતર જવું મુશ્કેલ છે. કોણ બાંધે છે આપણને બહાર કે જેથી આપણે ભીતર નથી જઈ શકતા ? એ સમજવું અગત્યનું છે.

## પદાર્થો બાંધતા નથી

લોકો કહે છે કે જગત બાંધે છે, જગતના પદાર્થો બાંધે છે પણ આ વાત બરાબર નથી. જગત કોઈને બાંધતું નથી આપણે નહીં હોઈએ ત્યારે પણ જગત હશે. આપણે નહોતા ત્યારે પણ જગત હતું. જગત આપણા માટે નથી. જગત આપણને જરાય બાંધતું નથી. હા, આપણે જગત સાથે બંધાઈએ છીએ એ વાત જુદી છે. જગત આપણને બાંધતું નથી પણ આપણે જગત સાથે બંધાયેલા છીએ.

જગતનો કોઈ સંબંધ આપણા બંધાવા સામે નથી. ધારો કે હું એક ખૂંટી ઉપર મારો કોટ ટાંગી દઉં અને પછી જો હું એમ કહું કે આ ખૂંટીએ મારા કોટને ટાંગ્યો છે અને નારાજ થાઉં તો લોકો મને પાગલ કહેશે. તેઓ કહેશે કે તમારો કોટ ઉતારી લો, ખૂંટી કંઈ કહેતી નથી કે કોટને મારી ઉપર ટાંગો. ખૂંટીને કોટના ટંગાવા સાથે કોઈ સંબંધ નથી. ન ખૂંટીએ કોટ ટાંગ્યો છે, ન તેણે ટંગાવા માટે આમંત્રણ આપ્યું છે અને તમે કોટ ઉતારી લેશો તો તે કોઈ વાંધો નહીં ઉઠાવે, નારાજ નહીં થાય! ખૂંટી ટાંગતી નથી. આપણે જ ખૂંટીનો આધાર લઈ કોટને ટાંગીએ છીએ.

**હસ્તે - પ્રશાંત સુરેશચંદ્ર પરીખ (લક્ષ્પારેખ)**

# યમુનાષ્ટકનું પ્રાકટ્ય

✍ **તુષાર મહેન્દ્રભાઈ કડકીઆ (બનડા)**

શ્રી વલ્લભ પ્રથમ ભારતની પરિક્રિમા કરતા કરતા દામોદરદાસ હરસાનીજી અને સેવકો સાથે શ્રીમદ્ ગોકુળ પધાર્યા ત્યારે સંવત ૧૫૪૯ ના શ્રાવણ સુદ-૩નો શુભ દિવસ હતો. ત્યારે શ્રી વલ્લભની આયુ ચૌદ વર્ષની હતી. શ્રી વલ્લભને દામોદરદાસજીએ આજ્ઞા કરી. દમલા સારસ્વત કલ્પનું ગોકુળ ગામ આ જ છે. અહીંયા ઠકુરાની ઘાટ અને ગોવિંદ ઘાટ પાસે પાસે છે પરંતુ કયું ગોવિંદ ઘાટ અને કયું ઠકુરાની ઘાટ એ કેવી રીતે જાણી શકાશે ? શ્રી વલ્લભ દુવિધામાં હતાં આપશ્રી અપલક નેત્રોથી મંદમંદ વહેતી શ્રી યમુનાજીના જલ પ્રવાહના દર્શન કરી રહ્યાં હતા. એટલામાં ઝાંઝરીની સુમધુર ધ્વનીએ આપનું ધ્યાન ભંગ કર્યું. અવાજની દિશામાં દૃષ્ટિ કરી. શ્રી યમુનાજીના જળ પર ધીર ગંભીર ચાલ થી આગળ વધતી એક આકૃતિ સ્પષ્ટ થઈ. ગજગતિની ચાલથી ચાલી શ્રી વલ્લભની સમક્ષ સ્વયં શ્રી યમુનાજી પધાર્યા. લાલ સૂંધન, ગુલાબી અને લીલા રંગની કાછની, કેસરી પટકા, શ્રી મસ્તક પર હીરા જડીત મુકુટ, હીરા, માણેક અને પન્નાના ષોડશ શૃંગારમાં શોભાયમાન એક હાથમાં કમળ છડી તો બીજા હાથમાં કમળના પુષ્પોની માળા ધારણ કરેલી, શ્રી યમુનાજીની શોભા અવર્ણનીય હતી. શ્રી યમુનાજીના અદ્ભૂત સ્વરૂપ લાવણ્યના દર્શન કરતા જ શ્રી વલ્લભના મુખથી પૃથ્વી છંદમાં 'નમામિ યમુનામહં સકલ સિધ્ધિ હે તું મુદા' આ ગાનનું પ્રારંભ થયું. નવ (૯) શ્લોકની આ સ્તુતિ જગતમાં યમુનાષ્ટકના નામે પ્રકટ થઈ. શ્રી યમુનાષ્ટક પૂર્ણ થતાજ શ્રી યમુનાજીએ મંદ મંદ હાસ્ય યુક્ત મુખારવિંદથી આજ્ઞા કરી. વલ્લભ આપના દર્શનને બહુ સમય વિતી ગયો. આજ આપ મારી નિકુંજના દ્વાર પર પધાર્યા છો. આપનું સ્વાગત છે. આપના મનમાં જે દુવિધા છે એનો ઉત્તર એ છે વલ્લભ આપ જહાઁ ઠાડે એ ગોવિંદ ઘાટ અને પાસે છે તે ઠકુરાણી ઘાટ. બન્ને ઘાટોની સીમા પર ઉભુ આ વૃક્ષ બ્રહ્મ છોંકર છે. આપ કૃપા કરી બ્રહ્મ છોંકરના નીચે બિરાજો અને અમને શ્રીમદ્ ભાગવતનું શ્રવણ કરાવો. શ્રી યમુનાજીના આવા વચનો સાંભળી આપશ્રી અત્યંત પ્રસન્ન થઈ યમુનાજીની સ્તુતી દ્વારા શ્રી યમુનાજીના ચરણોમાં દંડવત પ્રણામ કર્યા. આપણે પણ યમુનાષ્ટકના પ્રાકટય ઉત્સવના મંગલ દિવસ પર શ્રી વલ્લભ અને શ્રી યમુનાજીના ચરણ કમળમાં સદેહ દંડવત પ્રણામ કરીએ છીએ. ⋆⋆⋆

## દિવાળી બક્ષિસ

આનંદ થાય છે કે એક અનામી દાતા તરફથી ચોથે વર્ષે પણ અન્ન અથવા આર્થિક સહાય લેતા કુટુંબોને કુટુંબદીઠ **રૂા. ૭૫૦/-** આપવામાં આવનાર છે.

અન્ય એક દાતા તરફથી ત્રીજા વર્ષે પણ અન્ન અથવા આર્થિક સહાય લેતા કુટુંબોને કુટુંબદીઠ **રૂા. ૨૫૦/-** આપવામાં આવશે.

એક વૈષ્ણવ તરફથી પ્રથમવાર (પહેલું વર્ષ) અન્ન અથવા આર્થિક સહાય લેતા કુટુંબોને કુટુંબદીઠ **રૂા. ૭૫૦/-** આપવામાં આવશે.

આપની શુભ શરૂઆત માટે ગર્વની લાગણી અનુભવતા ધન્યવાદ પાઠવીએ છીએ.

મુંબઈમાં વસતા કુટુંબોને તા. ૧૪-૧૦-૨૦૧૯ થી તા. ૧૯-૧૦-૨૦૧૯ સુધીમાં શ્રી બાલાસિનોર પ્રગતિ સમાજના કાર્યાલય ખાતેથી બપોરના ૧૨ થી ૫ ના સમયમાં આપવામાં આવશે. **બહારગામ વસતા કુટુંબોને મનીઓર્ડરથી મોકલવામાં આવશે.** બાલાસિનોર ખાતે રહેતા કુટુંબોને **શ્રી મણીકાંતભાઈ કડકીઆ** મારફતે આપવામાં આવશે. સર્વ દાતાઓનો આભાર.

**- શ્રી સૌમીલ જીતેન્દ્ર મોદી**

# દશેરા

## વીરતા અને વિજયનું મહાપર્વ એટલે દશેરા

જ્યાં યોગેશ્વર શ્રીકૃષ્ણ છે. જ્યાં ધનુર્ધર પાર્થ છે ત્યાંજ વિજય છે એવું મહર્ષિ વેદવ્યાસ કહે છે.

દશેરા એ સંસ્કૃત શબ્દ **दशहरा** ઉપરથી ઉતરી આવ્યો છે. અધર્મ પર ધર્મનો, અહંકાર પર સારપનો, અંધકાર પર પ્રકાશનો વિજય એટલે વિજયા દશમી. આ ઉત્સવ તો સત્ય અને ધર્મના વિજયનો ઉત્સવ છે. પાંચ મોટા પાપ - બ્રહ્મહત્યા, દારૂનું પાન, પર પત્ની સાથેનો વ્યભિચાર, નાસ્તિકતા અને ચાર સાથે સંગ. એમ પાંચ પાપને જે હરે તે દશહરા.



આ દિવસે ગામડાંમાં કે શહેરમાં દુકાનોમાં ઘરે ઘરે લોકો પ્રવેશદ્વાર પર દરવાજામાં આસોપાલવ, ફૂલ, શ્રીફળના તોરણો કરી લટકાવે છે. ગામડામાં લોકો ગામની ભાગોળે આવેલા પથ્થરના પાળિયા પર આ દિવસે તેલ અને સિંદૂર ચડાવે છે. આજના દિવસે જ વીરતાની પૂજા થાય છે. લોકો શુરવીરતાને યાદ કરી, બલિદાન કરનાર વીરોનું સ્મરણ કરે છે. પ્રાચીન સમયમાં રાજાઓ પોતાના રજવાડા કે રાજપાટ વધારવા આ દિવસે લશ્કરની સાથે કૂચ કરતા હતા.

અતિબળવાન મહિષાસુર નામના રાક્ષસના ત્રાસમાંથી લોકોને મુક્ત કરવા માતા અંબાએ સતત નવ દિવસ સુધી યુધ્ધ કરી દસમા દિવસે તેને હણી નાખ્યો. આનંદમાં આવી લોકોએ માતા અંબાનો આભાર માની ગુણગાન ગાયાં. તેમનાં સ્થાનકો રચી મહિમા કરવા લાગ્યા અને નૃત્ય કરતાં નવ દિવસની આરાધના, સાધના કર્યા બાદ દશમા દિવસે આસુરી શક્તિ પરનો દૈવી શક્તિના મહાવિજયનું મહાપર્વ ઉજવ્યું તેને વિજયા દશમી કે દશેરા કહેવામાં આવે છે.

દશેરાનો ઉત્સવ એટલે વિજય પ્રસ્થાનનો દિવસ. છત્રપતિ શિવાજીએ પણ ઔરંગઝેબને મહાત કરવા આજ દિવસે પ્રસ્થાન કરી હિંદુધર્મનું રક્ષણ કર્યું હતું.

દિલ્હીમાં દશેરાના દિવસે રાષ્ટ્રીય તહેવાર જેવો દિવસ લાગે છે. મોટા રામલીલા મેદાનમાં ત્રણે રાક્ષસો - રાવણ, મેઘનાદ તથા કુંભકર્ણના પૂતળા મૂકવામાં આવે છે. આશરે ૧૨૦ થી ૧૩૦ ફૂટ ઊંચા પૂતળાં હોય છે. એમાં ફટાકડા ભરેલા હોય છે. આ ત્રણે પૂતળાને સમયાંતરે સળગતાં તીર છોડી સળગાવાય છે. અર્ધમનો નાશ થાય છે. ઉત્તર ભારતમાં દશ દિવસોમાં રામલીલાનો ખેલ થાય છે, જેમાં રામાયણની કેટલીક કથાઓનાં દૃશ્યો ભજવાય છે અને રાવણના પૂતળાનું દહન કરીને રામનો વિજય મનાવાય છે. વારણસી પાસે ગંગા નદીને કિનારે રામનગરમાં શ્રેષ્ઠ રામલીલા ભજવાય છે. આ રામલીલા આશરે એક સદી પૂર્વ બનારસના રાજાએ શરૂ કરી હતી.

દશેરા કે વિજયાદશમીનું નામ કોઈ વિશિષ્ટ વ્યક્તિના નામ સાથે જોડાયેલું નથી પણ 'દશ' શબ્દ પર મૂકવામાં આવ્યો છે. દશાનન, દશ માથાવાળો રાવણ. રાવણ એટલે માયા, વિકાર, કામ, ક્રોધ, લોભ, મોહ, અભિમાનનું પ્રતિક છે. આ આપણા કટ્ટર શત્રુઓ છે. તેમને આપણાં જીવનમાંથી કાયર માટે દૂર કરવા આપણે મનના આવા દશ વિકારોને આપણી દશેય ઈન્દ્રિયો વડે કાબૂમાં રાખી વિકર્મ પર વિજય મેળવીએ એ દશેરા.

**સર્વે બાલાસિનોરવાસીઓને નવરાત્રિ તથા દશેરાની હાર્દિક શુભેચ્છા**

# સંવત ૨૦૭૫ના નવા વર્ષના શુકનવંતા ચોપડાઓ નોંધાવવા લઈ જવાના, ખરીદવાના તથા લક્ષ્મીપૂજન તથા શારદાપૂજન ના મૂહુર્તો

- ગોપાલ ભટ્ટ (ગોર) - ૯૮૨૦૫૨૮૦૨૨

★ **દશેરા : સંવત ૨૦૭૫ આસો સુદ ૧૦ ના મંગળવાર તા. ૮-૧૦-૨૦૧૯**

**વિજય મુહૂર્ત :** બપોરે ૧૨.૧૪ થી ૧૨.૩૮

**ચોઘડીયા - ચલ-લાભ-અમૃત :** સવારે ૯.૩૦ થી ૧૩.૫૫, **શુભ :** બપોરે ૧૫.૨૩ થી ૧૬.૫૨

**અપરાહન કાલ પૂજન :** બપોરે ૧૩.૩૫ થી ૧૫.૫૬

★ **પુષ્ય નક્ષત્ર દિવસ : આસો વદ ૯ ના મંગળવાર તા. ૨૨-૧૦-૨૦૧૯**

**ચોઘડીયા : ચલ-લાભ-અમૃત :** સવારે ૦૯.૨૯ થી બપોરે ૧૩.૫૦, **શુભ :** બપોરે ૧૫.૨૬ થી ૧૬.૪૬

**લાભ :** રાત્રે ૧૯.૪૩ થી ૨૧.૧૬

★ **ધનતેરસ : સંવત ૨૦૭૫, (શ્રી યંત્ર પૂજન, ધન્વંતરી પૂજન, ચોપડા લાવવા, ગાદી બિછાવવી, લક્ષ્મીપૂજન કરવું)**

**આસો વદ-૧૩, શુક્રવાર, તા. ૨૫.૧૦.૨૦૧૯**

**ચોઘડીયા : ચલ-લાભ-અમૃત :** સવારે ૦૬.૩૭ થી ૧૦.૫૭, **શુભ :** બપોરે ૧૨.૨૩ થી ૧૩.૫૦,

**ચલ :** બપોરે ૧૬.૪૩ થી ૧૮.૦૯, **લાભ :** રાત્રે ૨૧.૧૬ થી ૨૨.૫૦, **ગોરજ સમય :** સાંજે ૦૫.૫૯

**વિજય મુહૂર્ત :** બપોરે ૧૨.૧૦ થી ૧૨.૩૪

★ **ચોપડા - લક્ષ્મી પૂજન - શારદા પૂજન : આસો વદ ૩૦ ના અમાવાસ્યા ૨૭-૧૦-૨૦૧૯ના રવિવાર પ્રદોષ કાળ યુક્ત અમાસ હોવાથી આ દિવસે શારદાપૂજન કરવું શાસ્ત્ર શુધ્ધ છે.**

**ચોઘડીયા : ચલ-લાભ-અમૃત :** સવારે ૦૮.૦૪ થી બપોરે ૧૨.૨૨, **શુભ :** બપોરે ૧૩.૪૮ થી ૧૫.૨૪,

**શુભ-અમૃત-ચલ :** સાંજે ૧૮.૦૭ થી રાત્રે ૨૨.૪૮

**પ્રદોષ કાળ :** સાંજે ૧૮.૦૯ થી રાત્રે ૨૦.૩૮, **ગોરજ સમય :** સાંજે ૧૮.૦૪, **વિજય મુહૂર્ત :** બપોરે ૧૨.૧૦ થી ૧૨.૩૪

| | | | |
|---|---|---|---|
| કુંભ લગ્ન | કુંભ નવમાંશ | બપોરે | ૧૫.૦૫ થી ૧૫.૧૬ |
| કુંભ લગ્ન | વૃષભ નવમાંશ | બપોરે | ૧૫.૩૭ થી ૧૫.૪૬ |
| વૃષભ લગ્ન | કુંભ નવમાંશ | રાત્રે | ૧૯.૨૮ થી ૧૯.૪૧ |
| વૃષભ લગ્ન | વૃષભ નવમાંશ | રાત્રે | ૨૦.૦૭ થી ૨૦.૨૦ |
| વૃષભ લગ્ન | સિંહ નવમાંશ | રાત્રે | ૨૦.૪૮ થી ૨૧.૦૨ |

★ **બેસતુ - નવું વર્ષ : કારતક સુદ-૧, સંવત ૨૦૭૬, સોમવાર તા. ૨૮-૧૦-૨૦૧૯ ના મિતી નાખવી**

**વિજય મુહૂર્ત :** બપોરે ૧૨.૩૯ થી ૧૨.૪૫, **ચોઘડીયા : શુભ-અમૃત :** સવારે ૦૫.૦૪ થી ૦૮.૦૪

**શુભ :** સવારે ૦૯.૩૧ થી ૧૦.૫૭

★ **લાભ પાંચમ : સંવત ૨૦૭૬ના કારતક સુદ ૫, શુક્રવાર તા. ૧-૧૧-૨૦૧૯**

**તુલા પૂજન, ચોપડા પૂજન, મિતી નાખવી - વિજય મુહૂર્ત :** બપોરે ૧૨.૩૯ થી ૧૨.૪૫

**ચોઘડીયા :** ચલ-લાભ-અમૃત : સવારે ૦૬.૪૦ થી ૧૦.૫૭, **શુભ :** બપોરે ૧૨.૨૩ થી ૧૩.૪૮

**ચલ :** બપોરે ૧૬.૪૦ થી સાંજે ૧૮.૦૫

**ગોરજ સમય :** સાંજે ૧૮.૦૦ થી ૧૮.૩૦

# ગુજરાતી લોકકળાનો ગરવો ગરબો

## કાન ક્યાં રમી આવ્યા ?

મથુરામાં ખેલ ખેલી આવ્યા,
હો કાન ક્યાં રમી આવ્યા ?
માથાનો મુગટ ક્યાં મૂકી આવ્યા ?
સાડી તે કોની ચોરી લાવ્યા ?.... હો કાન.....
નાકની નથણી ક્યાં મૂકી આવ્યા ?
વાળી તે કોની ચોરી લાવ્યા ?.... હો કાન.....
ડોકનો હારલો ક્યાં મૂકી આવ્યા ?
માળા તે કોની ચોરી લાવ્યા ?.... હો કાન.....
હાથની પોંચી ક્યાં મૂકી આવ્યા ?
કંગન તે કોનાં ચોરી લાવ્યાં ?.... હો કાન.....
પગનાં ઝાંઝર ક્યાં મૂકી આવ્યા ?
સાંકળાં તે કોનાં ચોરી લાવ્યા ?.... હો કાન.....
પીળું પિતાંબર ક્યાં મૂકી આવ્યા ?
સાળુ તે કોના ચોરી લાવ્યાં ?.... હો કાન.....
કાનનાં કુંડળ ક્યાં મૂકી આવ્યા ?
એરિંગ તે કોનાં ચોરી લાવ્યાં ?.... હો કાન.....
મુખની મોરલી ક્યાં મૂકી આવ્યાં ?
ખંજરી કોની ચોરી લાવ્યા ?.... હો કાન.....
મનડું તમારું ક્યાં મૂકી આવ્યા ?
સુધ-બુધ તે કોની ચોરી લાવ્યા ?.... હો કાન.....



## અમે મહિયારાં રે

અમે મહિયારાં રે ગોકુળ ગામનાં
મારે મહી વેંચવાને જાવાં, મહિયારાં રે... ગોકુળ ગામના
મથુરાને વાટે મહી વેંચવાને નીસરી,
નટખટ નંદનો કિશોર માગે છે દાણજી
મારે દાણ લેવાને દેવા, મહિયારાં રે... ગોકુળ ગામના
માવડી યશોદાજી કાનાને વાર જો
દુઃખડાં દીધા હજાર બહુએ સતાવતો
મારે દુઃખ સહેવાં ને કહેવાં મહિયારાં રે... ગોકુળ ગામના
યમુનાને કાંઠે કાન વાંસળી વગાડતો
ભુલાયે ભાન સાન ઊંઘથી જગાડતો
મારે જોવું ને જાવું મહિયારાં રે... ગોકુળ ગામના
મહેતા નરસિંહનો સ્વામી લાડકડો કાનજી
ઉતારો આતમથી ભવભવના પાટથી
નિર્મળ હૈયાની વાત કહેવા, મહિયારાં રે... ગોકુળ ગામના

---

## સુંદિરવર શામળિયા

વા વાયા ને વાદળ ઊમટયાં,
ગોકુળમાં ટહુક્યા મોર,
મળવા આવો સુંદિરવર શામળિયા
તમે મળાવાને ના'વો શા માટે ? ન આવો તો
નંદજીની આણ મળવા આવો સુંદિરવર શામળિયા
તમે ગોકુળમાં ગૌધન ચારંતા
તમે છો રે સદાયના ચોર સુંદિરવર શામળિયા
તમે કાળી તે કામળી ઓઢંતા,
તમે ભરવાડણના ભાણેજ સુંદિરવર શામળિયા
તમે વ્રજમાં તે વાંસળી વાજંતા,
તમે ગોપીઓના ચિત્ત ચોર સુંદિરવર શામળિયા
મહેતા નરસૈંયાના સ્વામી શામળિયા,
અમને તેડી રમાડયા રાસ સુંદિરવર શામળિયા

## શક્તિનું પ્રતિક વાઘ

✍ નિમીષા જી. કડકીઆ



વાઘ (પેન્થેરા ટાઈગ્રીસ) એ વિશ્વની સૌથી મોટી બિલાડી છે. તે દક્ષિણ પૂર્વ સાયબેરીયા અને દક્ષિણ-પૂર્વ એશિયામાં, એશિયાઈ જંગલોમાં રહે છે. વાઘ ના શક્તિશાળી પગ અને ખભાને પરિણામે તેઓ બિલાડી કરતા અલગ પડે છે. તેઓ પોતાના કરતા વજનમાં વધારે હોય એવા શિકારને પણ નીચે પાડવાની ક્ષમતા ધરાવે છે. મોટા વાઘની કુલ ૩.૫ મીટરની લંબાઈ અને ૩૦૬ કિલો સુધી વજન હોય છે.

વાઘ કોઈપણ પરિસ્થિતિમાં રહેવા ટેવાયેલા છે. તે જમીનથી લઈને ઉષ્ણકટીબંધીય વૃક્ષ વિસ્તારથી માંડીને જળબંબાકારમાં પણ રહી શકે છે. તે સામાન્ય રીતે એકલું રહેનાર પ્રાણી છે.

ધીરે ધીરે વાઘની ઘણી જાતિઓ લુપ્ત થવા લાગી છે.

૧૯૭૨ થી વાઘને સંરક્ષણ પૂરૂં પાડવા માટે 'પ્રોજેક્ટ ટાયગર' શરૂ કરાયો છે. આ 'પ્રોજેક્ટ ટાયગર'એ ભારત સરકાર દ્વારા શરૂ કરવામાં આવ્યો હતો. આ પ્રોજેક્ટનું લક્ષ્ય બંગાળના વાઘની કુદરતી વસવાટ, તેમની વસાહત અને લુપ્ત થતી જાતિઓને બચાવવા, તેમજ કુદરતી વારસનો બાયોલીજીકલી મહત્વના ક્ષેત્રોને સાચવવા માટે દેશના વાઘનું વિતરણ શક્ય તેટલું જલદી અને બહોળા પ્રમાણમાં કરવામાં આવે છે. સરકારે ટાઈગર પ્રોટેકશન ફોર્સની સ્થાપના કરી છે, જેમાં શિકારીઓ અને માનવ-વાઘના સંઘર્ષને ઘટાડવા માટે ગ્રામજનોને ભંડોર પૂરૂં પાડવામાં આવે છે. આ પ્રોજેક્ટની સફળતાના ભાગરૂપે વાઘની વસ્તીમાં વધારો પણ થયો છે.

વાઘ ચર્મને શિવજીએ અંગ પર ધારણ કર્યું છે, શક્તિના ઉત્થાન માટે ઋષીમુનીઓ, યોગીઓ તેના આસન પર બેસી સાધના કરે છે. ⭑⭑

## નવ વિલાસ



પ્રભુના મિલન માટે શ્રી સ્વામિનીજી અને ભગવાન શ્રીકૃષ્ણની અષ્ટ સખીઓની આ નવા-વિલાસ ની લીલા છે. આ નવ દિવસોમાં પ્રભુ મિલનની આશામાં નૃત્ય અને ગાન કરતા પ્રભુના વિરહમાં શ્રી સ્વામિનીજી અને અષ્ટસખીઓએ નવ-વિલાસનો વ્રત રાખ્યો. વિલાસનો અર્થ છે ખેલ. પ્રથમ વિલાસમાં જવ અથવા ઘઉંના અનાજનું રોપણ કરવામાં આવે છે.

જવ સ્વામિનીજીના ચરણના ચિન્હ છે જ્યારે એના અંકુર ફુટે ત્યારે એ સ્નેહ કુંજ માનવામાં આવે છે. નવ દિવસમાં ફૂટેલા અંકુર નવધા ભક્તિનું પ્રતિક છે.

આ બીજ, વૃક્ષ અને ફળના સ્વરૂપ છે.

આ દિવસોમાં પ્રભુની સન્મુખ વેણુના પદ ગાવામાં આવે છે. પ્રથમ પ્રભુએ વેણુનાદ કર્યો જેનું શ્રવણ કરી વ્રજ ભક્તોના મનમાં સ્નેહના બીજનું રોપણ થાય છે.

આ અંકુરીત થયેલા જવારા ના રૂપમાં છે. જે વૃક્ષ છે. ગોપીઓનો વિરહ જવર વધવા લાગ્યો. યશ કલગીના રૂપમાં આ અંકુરીત જવારાને દશેરાના દિવસે શ્રી કૃષ્ણ કે વિજય કે રૂપમેં પ્રભુ કે શ્રી મસ્તક પર ધરાવવામાં આવે છે કેમકે જ્યારે આપણી નવધા ભક્તિ સિધ્ધ થાય અને આપણી અંદર રહેલી લૌકિક આસક્તિને પ્રભુ જીતી લે છે અને ફળ સ્વરૂપ શરદ પૂર્ણિમાનો મહારાસ છે. આજ ભાવથી પુષ્ટિજીવ આપણા પ્રભુની સાથે નવ-વિલાસ તેમ જ દશેરા અને શરદ ઉત્સવ મનાવે છે. ⭑⭑⭑

# સર્વત્ર મંદીના વાવડ છે ત્યારે.....

## બચત અને કરકસરનો પડકાર

## કરકસરથી જીવન સફળ

✍ તંત્રી મંડળ તરફથી

આપણી સહકારી સંસ્કૃતિનો પાયો છે બચત અને કરકસર. સહકારના તમામ સિધ્ધાંતો તેના વિના પાંગળા છે.''

આજે તો ભોગવાદી અસર વકરતાં 'ત્રણ સાંધો ને તેર તૂટે' જેવા હાલ છે. કમાણી એટલી વધતી નથી ને ખર્ચા તો અનેક સ્વરૂપે વધતા જ જાય છે. આનો સામનો કરવા બચત અને કરકસરની કેળવણી જરૂરી છે. ગાંધીજી તેના ઉત્તમ શિક્ષક હતા. આપણા પૂર્વજો ઓછી આવકે પણ કેવા આનંદ અને સુખશાંતિ તથા સંતોષથી જીવતા !

**'પ્રિય પૂર્વજો કરકસરથી નિજ જીવનનાવ ચલાવતા**
**ઓછી હતી આવક છતાં આનંદમાં દિન ગાળતા.'**

(૧) કરકસરના સ્વભાવમાં જ મોટી આવક કરવાના સાધનો છુપાયાં છે. **- સેનેકા**

(૨) ઓછામાં ઓછા સાધનોમાં વધારેમાં વધારે લાભ ઉઠાવી જીવન દરમ્યાન પૂરેપૂરા સંતોષથી જીવવું તેને જ જીંદગી જીવવાની કલા કહે છે. **- સેમ્યુઅલ બટલર**

(૩) બચાવે તેની જીંદગી બચે !
એક પૈસો બચાવતાં શીખો તો રૂપિયો બચશે અને રૂપિયો બચાવતાં શીખશો તો બીજી ઘણી રકમ બચશે. તે જ રીતે ક્ષણ બચાવતાં શીખો તો કલાક બચશે ને કલાક બચાવતાં શીખો તો જીંદગી વેડફાતી બચશે. **- ફ્રેન્કલીન**

સહકારી સંસ્થાઓના સંચાલકો અને સભાસદોએ વૈભવી ખર્ચા અને ખોટા ઠાઠમાઠ ત્યજી આમ પ્રજાના કલ્યાણ પરત્વે વધુ સાવધાની કેળવવાની જરૂર છે.

## હે પ્રભુ ! કેમ જીવવું તે મને શીખવ

**હે પ્રભુ !**

સંજોગો વિકટ હોય ત્યારે સુંદર રીતે કેમ જીવવું તે મને શિખવ.
બધી બાબતો અવળી પડતી હોય ત્યારે હાસ્ય અને આનંદ કેમ ન ગુમાવવા તે મને શિખવ
પરિસ્થિતી ગુસ્સો પ્રેરે તેવી હોય ત્યારે શાંતિ કેમ રાખવી તે મને શિખવ
કામ અતિશય મુશ્કેલ લાગતું હોય ત્યારે ખંતથી તેમાં લાગ્યા કેમ રહેવું તે મને શિખવ
કઠોર ટીકાઓનો વરસાદ વરસે ત્યારે તેમાંથી મારા ખપનું ગ્રહણ કેમ કરી લેવું તે મને શિખવ
પ્રલોભનો, પ્રસંશા, ખુશામતી વચ્ચે તટસ્થ કેમ રહેવું તે મને શિખવ
ચારે બાજુથી મુશ્કેલીઓ ઘેરી વળે ત્યારે શ્રદ્ધા ડગુમગુ થઈ જાય
નિરાશાની ગર્તામાં મન ડૂબી જાય ત્યારે ધૈર્ય અને શાંતિથી તારી કૃપાની પ્રતિક્ષા કેમ કરવી તે મને શિખવ.

## જ્યોતિપુંજના નવા મેઈલીંગ એડ્રેસ માટે અગત્યની સુચના

જે પણ સભાસદ ભાઈ બહેનોને જ્યોતિપુંજ નવા સરનામે જોઈતું હોય તેઓને વિનંતી કે પ્રકીર્ણ વિભાગ ઉપરાંત આ મુજબની સુચના નવા તથા જુના એડ્રેસ તથા સભાસદ નંબર અથવા વસ્તી પત્રક ક્રમાંક નંબર સાથે અલ્પેશ ધારીઆ - Mayur Trading Corporation., Email : aydharia@gmail.com ને ૧૫૮/૧૬૦, નારાયણ ધ્રુવ સ્ટ્રીટ, પહેલે માળે, મુંબઈ - ૩, મોબાઈલ - ૯૮૨૧૧૧૦૭૪૭ /૯૮૩૩૮૬૭૬૦૧. મોકલવાનું રહેશે. આ સિવાય કોઈપણ મૌખિક સુચના સ્વીકારવામાં આવશે નહી. **મંત્રી - ભાવેશ મોદી સંયોજક - અલ્પેશ ધારીઆ**

# હિંડોળા ખાટ ગરબાની કડીમાં યોગ્ય શબ્દ મૂકી ગરબો ગાવ

### કવિ અવિનાશ વ્યાસ

ઓલી રંગ નીતરતી રે, મને પામરી ગમતી રે,
એને પહેરતાં પગમાં રે, પાયલ છમછમતી રે,
નથણી લવિંગિયાને ____________ માં
મોંઘા મોતી મઢાવજો રે,
પાટણથી પટોળાં મોંઘા લાવજો.. છેલાજીરે....

### કવિ રાજેન્દ્ર શાહ

ચઈતરનું આભ સાવ સૂનું સૂનું ને તો ય
કંઈથી____________બોલે રે લોલ,
વનની વનરાઈ બધી નવલી તે કૂંપળે દખ્ખણને વાયરે ડોલે રે લોલ.... વેળા બપોરની થૈતી મોરી સૈયર, વેળા બપોરની થઈ'તી રે લોલ... ઈંધણા...

### આદિકવિ નરસિંહ મહેતા

નાની નાની ____________ ને માંહી જડેલા હીરા
____________ આપોને મારી સુભદ્રાના વીરા,
વીરા, વીરા.... નાગર નંદજીના લાલ (૨) રાસ
રમંતાં મારી____________ ખોવાણી....

### પંખીડા તું ઉડા જાજે

મારા ગામના (૨) સોનીડા વીરા વેલા આવજો (૨)
મારી અંબાને માટે રૂડાં ____________ લાવજો
રે.. હાર લાવજો, ... ____________ લાવજો,
પોંચી લાવજો રે.. ગરબે રમવાને મારી મારી માને
કહે જે કે..... પંખીડા તું ઊડી જાજે પાવાગઢ રે..

### કવિ વલ્લભ ભટ્ટ

રંગતાળી, રંગતાળી, રંગતાળી રે રંગમાં રંગતાળી.
મા ગબ્બરના ગોખવાળી રે, રંગમાં.... મા ચાચરના
ચોકવાળી રે, રંગમાં રંતાળી, માં ____________
ના હારવાળી કે રંગમાં રંગતાળી

### કેર કાંટો વાગ્યો

પેલા વડોદરાના વૈદડા તેડાવો, આડા પડદલા બંધાવો, બાં'રે ઢોલિયા ઢળાવો, મારા ____________ કઢાવો, પિયુ અરરર હાય, કેર કાંટો વાગ્યો, હાં રે રાજ રે વાવડીનાં પાણી ભરવા ગ્યાં ત્યાં.... મને કેર કાંટો વાગ્યો.


### સાચી રે મારી સત રે ભગવાની મા

સાચી રે મારી સત રે ભવાની મા, અંબા ભવાની મા,
હું તો તારી સેવા કરીશ મૈયા લાલ, નવ નવ નોરતાં,
પૂજાવો કરીશ મા, વિરાટનો ____________
તારો ઝીલીશ મૈયાલાલ... સાચી રે...

**જવાબ :** ઝૂમખાં, કોકિલકંઠ, નથણી, કડલાં, મોતીઓ, કાંટડિયા, ગરબો



# મો હે રં ગ દે



# શ્રીમદ્ ભાગવતના બાર સ્કંધ

**શ્રીમદ્ ભાગવત સાક્ષાત પરમ કૃપાળુ પરમાત્મા શ્રીનાથજીનું જ સ્વરૂપ છે. તેથી જ ભાગવતના દરેક સ્કંધને ઠાકોરજીના અવયવો સાથે જોડયા છે. યોગ્ય જોડી જોડો.**

| | | |
|---|---|---|
| ૧ | પહેલો સ્કંધ | (ક) આ સ્કંધ ઠાકોરજીનો જમણો હાથ છે, જે કેડ પર રાખ્યો છે. જે વાસના નાબૂદ કરવાનું સૂચવે છે. આને ઊતિ લીલા કહેવામાં આવ્યો છે. |
| ૨. | બીજો સ્કંધ | (ખ) આ સ્કંધ શ્રીનાથજીનો ડાબો હાથ છે, જેને વિસર્ગ લીલા કહેવામાં આવ્યો છે. |
| ૩. | ત્રીજો સ્કંધ | (ગ) આ સ્કંધ ઠાકોરજીનું હૃદય છે, જેને નિરોધલીલા કહી છે. |
| ૪. | ચોથો સ્કંધ | (ઘ) આ સ્કંધ ડાબો સાથળ છે, જેને પોષણ લીલા કહેવામાં આવ્યો છે. |
| ૫. | પાંચમો સ્કંધ | (ચ) પરમકૃપાળુ ભગવાન શ્રીનાથજીનું જમણું ચરણકમળ છે, આ સ્કંધને અધિકાર લીલા કહેવામાં આવ્યો છે. |
| ૬. | છઠ્ઠો સ્કંધ | (છ) આ સ્કંધ ઠાકોરજીનો ઊંચો કરેલો ડાબો હાથ છે, જે ભક્તોનો બોલાવે છે, જેને આશ્રયલીલા કહી છે. |
| ૭. | સાતમો સ્કંધ | (જ) આ સ્કંધ ભગવાનનો જમણો સાથળ છે, જેને સ્થાન લીલા કહેવામાં આવ્યો છે. |
| ૮. | આઠમો સ્કંધ | (ઝ) આ સ્કંધ ઠાકોરજીનું લલાટ મસ્તક છે, જેને મુક્તિલીલા કહી છે. |
| ૯. | નવમો સ્કંધ | (ટ) આ સ્કંધ ભગવાનનું ડાબું ચરણકમળ છે, આને જ્ઞાનસાધન લીલા કહેવામાં આવ્યો છે. |
| ૧૦. | દસમો સ્કંધ | (ઠ) આ સ્કંધ ભગવાનનો છાતીનો જમણો ભાગ છે, જેને મન્વન્તર લીલા કહી છે. |
| ૧૧. | અગિયારમો સ્કંધ | (ડ) આ સ્કંધને ભગવાનનો જમણો હાથ કહ્યો છે, જેને સર્ગ લીલા કહ્યો છે. |
| ૧૨. | બારમો સ્કંધ | (ઢ) આ સ્કંધ ભગવાનનો છાતીનો ડાબો ભાગ છે, જેને ઈશાનુકથા લીલા કહ્યો છે. |

જવાબ : (૧) ચ, (૨) ટ, (૩) ડ, (૪) ખ, (૫) જ, (૬) ઘ, (૭) ક, (૮) ઠ, (૯) ઢ, (૧૦) ગ, (૧૧),ઝ, (૧૨) છ

# જ્ઞાન મુદ્રા



તર્જનીની ટોચ અને અંગૂઠાની ટોચને ભેગી કરી, બાકીની મધ્યમા, અનામિકા તથા કનિષ્ઠિકા આંગળીઓ સાથે સીધી રાખી જ્ઞાનમુદ્રા બને.

**લાભ**

- ✤ મગજના જ્ઞાનતંતુને ક્રિયાવંત કરે છે. મનને શાંત કરે છે અને જ્ઞાનનો વિકાસ થાય છે.
- ✤ માનસિક એકાગ્રતા, યાદશક્તિ, ચોકસાઈ અને પ્રસન્નતા વધે છે.
- ✤ આધ્યાત્મિકતા, સ્નાયુમંડળની સશક્તા તથા ધ્યાનમાં પ્રગતિ સધાય છે.
- ✤ મગજને લગતા કોઈપણ રોગો દૂર થાય જેમકે ફિટની બિમારી, પાગલપણુ, ચિડચિડાપણુ, અસ્થિરતા, ગભરામણ, અનિશ્ચિતતા, ઉન્માદ, બેચેની, નિરાશાપણુ (ડીપ્રેશન), વ્યાકુળતા વગેરે દૂર થાય છે.
- ✤ ક્રોધ, ઉત્તેજના, આળસ, ભય વગેરે માનસિક તનાવો દૂર થાય છે.
- ✤ અનિદ્રાના રોગમાં રામબાણ ઉપચાર છે. જેને વધુ ઉંઘ આવતી હોય તેની ઉંઘ પણ સમતોલ થાય છે. જૂના અનિદ્રાના રોગીને જ્ઞાનમુદ્રા સાથે પ્રાણમુદ્રા પણ કરવી જોઈએ.
- ✤ શરીરના Pitutory અને Peneal માસ્ટર ગ્લેન્ડ (આંતરસ્ત્રાવી ગ્રંથિઓ)ના રસો નિયંત્રણમાં લાવે છે.
- ✤ જ્ઞાનમુદ્રાને વ્યાખ્યાન કે સરસ્વતીમુદ્રા પણ કહેવાય છે કારણ કે આ મુદ્રાથી સ્વયંજ્ઞાન અને પુસ્તકનું જ્ઞાન વધે છે.
- ✤ માથાના માઈગ્રેન દુઃખાવા માટે જ્ઞાનમુદ્રા અને પ્રાણમુદ્રા સાથે કરવી.
- ✤ સમય અવધિ - ૧૫-૧૫-૧૮ મિનીટ, સવારે, બપોરે, રાત્રે (ભૂખ્ય પેટે કરવી)

# રત્ન કણિકા

- ક્ષમા બ્રહ્મ છે, ક્ષમા સત્ય છે, ક્ષમા ભૂત છે, ક્ષમા ભવિષ્ય છે, ક્ષમા તપ છે અને ક્ષમા પવિત્રતા છે. ક્ષમા એ જ સંપૂર્ણ જગત ને ધારણ કરી રાખ્યું છે.
- હે મનુષ્ય ! તારા પોતાનામાં જ, તારી શક્તિના આત્મવિશ્વાસમાં જ તારા વિકાસ માટે શ્રેષ્ઠ હથિયાર ને કુદરતે મૂકેલું છે.
- પૃથ્વી પરનાં અત્યંત લીલાં વૃક્ષોની છાયા કરતાં પણ અધિક શીતળતા વિવેક નીચે રહે છે.
- દયાસભર હૃદય આનંદનો ફુવારો છે જે પોતાની નજીકની દરેક બાબતને હાસ્યથી તાજી બનાવી દે છે.
- ઊઠો, જાગો, શ્રેષ્ઠ પુરુષોની પાસે જઈ બોધ પામો !
- વિચાર જ કાર્યનું મૂળ છે. વિચાર ખોયો તેણે કાર્ય પણ ખોયું.
- કૃષ્ણનું લીધેલું નામ જ બધાં પાપોનો નાશ કરે છે, પ્રેમને લીધે જ ભક્તિનો પ્રકાશ ફેલાય છે.
- પ્રતિકૂળ સંજોગોમાં વિજય પ્રાપ્ત કરવા માટે કરેલું સતત યુધ્ધ એ સમસ્ત મહાન કાર્યોની કિંમત છે.
- પોતાની જાતનું સંપૂર્ણપણે જ્ઞાન ન હોય, તે માણસ બીજાને સાચી રીતે સમજી જ ન શકે.
- માણસ જેમ વધારે જાણકાર અને જવાબદાર તેમ તે પોતાની નિર્બળતા ઉપર વધારે લક્ષ આપીને પોતાની જાતને વધારે કાળજીથી સાચવી લે છે.

# આતિથ્ય

- સુષ્મા નિલેશ દેસાઈ (તેલવાળા)

## બર્મીસ રોલ

**સામગ્રી :** ૧ કિલો બટેટા, ૨૦૦ ગ્રામ પીળી મકાઈ અર્ધકચરી વાટેલી અને બાફેલી, લીલા મરચા, આદુ, મીઠું અને કોથમીર સ્વાદ પ્રમાણે, ગરમ મસાલો ૧ ટી સ્પુન, ૧૦૦ ગ્રામ કોર્નફ્લોર, ૧ પેકેટ હાથી છાપની ઝીણી સેવ, ૨ ક્યુબ ચીઝ, ૧૦૦ ગ્રામ પનીર, આમચુર પાવડર સ્વાદ પ્રમાણે.

**રીત :** પ્રથમ બટેટા બાફી લેવા. તેને છોલીને છુંદો કરવો. તેમાં અગાઉ જણાવેલ બાફેલી મકાઈ અને લીલા મરચા, આદુ, મીઠું, કોથમીર, ગરમ મસાલો, ચીઝ, પનીર ખમણીને, આમચુર પાવડર (સાકર નાખવી હોય તો તમારી જરૂરત મુજબ). આ બધી સામગ્રી મીક્ષ કરીને લંબગોળ શેપમાં વાળવાનાં અને એક નાની પ્લેટમાં થોડું પાણી લઈ તેમાં ૧ ચમચી કોર્નફ્લોર નાખીને સ્લરી (ઘટ્ટ જેવું પ્રવાહી) જેવું કરવું. પછી તેમાં વાળેલા રોલ ડુબાડીને બાજુમાં મુકવા. પછી ઝીણી સેવ અને કોર્નફ્લોર મીક્ષ કરેલા મિક્ષણમાં વાળેલા રોલ રગદોળવા અને ધીમા તાપે તળી લેવા. આમ તમારા બર્મીસ રોલ તૈયાર. તેને ગ્રીન ચટણી અને કેચપ સાથે સર્વ કરવા.

## કેસર માવા પેંડા

**સામગ્રી :** અડધો કપ સાદો માવો, અડધો કપ સાકર દળેલી, ૨ ટી સ્પૂન મિલ્ક માવડર, ૧/૪ ટી સ્પૂન કેસરનું એસેન્સ, ૪ થી ૫ ડ્રોપ પીળો કલર, કેસરનાં તાંતણા, ઘી જરૂર મુજબ.

**રીત :** જાડી કડાઈમાં માવાને ૩ થી ૪ મિનીટ શેકવો. માવાની સુંગધ આવે ત્યારે ગેસ બંધ કરી દેવો અને માવાને ઠંડો થવા દેવો. ત્યાર પછી તે માવાને હાથેથી મસળવો. ત્યારબાદ તેમાં ઘી સિવાય બાકીની બધી સામગ્રી મિક્ષ કરવી. પછી ગોળા વાળવા માટે થોડુ ઘી ઉમેરવું અને મસળવું. ત્યાર પછી ગોળ, લંબગોળ કે ચપટા આકારમાં શેપ આપીને તૈયાર કરવાના એટલે તમારા પેંડા સર્વ કરવા માટે તૈયાર. ★★★

# વડીલોની અનુભવ પંક્તિઓ

વહેલા સૂવે ને વહેલા ઊઠે જે વીર,
બળ, બુદ્ધિ ને ધન વધે, સુખમાં રહે શરીર
ખાય-પીએ ને બોલે માપસર જે ધીર,
મનની સુખ-શાંતિ વધે, સુખમાં રહે શરીર.

ઉનાળે કેરી ને આમળાં ભલાં,
શિયાળે તાપ, સૂંઠ ને તેલ ભલાં,
ચોમાસે અજમો અને લસણ ભલાં,
જાણે ત્રિફળા બારે માસ ભલાં !

---

**બાજરી** : બાજરી કહે હું બલિહારી, લાંબા લાંબા પાન, ઘોડો ખાય તો ગઢ ચઢે, ને બુઢો થાય જુવાન.

**મગ** : મગ કહે હું લીલો દાણો, મારે માથે ચાંદુ, બે-ચાર મહિના મને ખાય, તો માણસ ઊઠાડું માંદુ

**અડદ** : અડદ કહે હું કાળો દાણો, પૌષ્ટિકતામાં પહેલો, માણસને હું મરદ બનાવું, હોય જો મસાલો ભેળો

**ગાજર** : ગાજર કહે હું રક્તવર્ધક ને હરસ-કૃમિનાશક છું, વાયુ-કફનાશક હું ગરમ ને રતાંધતાનાશક છું

**મૂળા** : મૂળા કહે હું ગરમ-કૃમિ, કફવાત મટાડનાર, હરસ, શીળસ, પથરી, સોજો ને હેડકી મટાડનાર.

**મેથી** : મેથી કહે હું તીખી-ગરમ પણ વાયુનાશક ભારે, કફ-કૃમિ-પ્રમેહ મટાડું, ચિંતા કરો ના લગારે....

**દૂધ** : ધાતુવધારણ, બળકરણ, જો પ્રિય પૂછો કોઈ દૂધ સમાન ત્રિલોકમાં અવર ના ઔષધ કોઈ

**છાશ** : સ્વર્ગ લોકના સુખ માટે જેમ અમૃત ખાસ, પૃથ્વી લોકના સુખ માટે તેમ છાશ ખાસ.

**ઘી** : ઘી ઠંડુ મહા રસાયન રૂપ, બુદ્ધિ શક્તિ આયુષ દેનાર, ઝેર, પિત્ત, વાયુ, ક્ષય તથા ગાંડપણ મટાડનાર

**મધ** : મધ આદુરસ મેળવી ચાટે પરમ ચતુર, શ્વાસ, શરદી, વેદના ચોક્કસ થશે દૂર.

**તુલસી** : તુલસી પવિત્ર ગરમ હોય, કફ ને વાયુ મટાડે ખાસ. તાવ, શરદી, મંદાગ્નિ હરે અજીર્ણ, કેન્સર ખાસ

**ઘઉં-અડદ** : ઘઉંની રોટલી ને અડદની દાળ, આધેડ થાય જુવાન, ને જુવાન ભરે ફાળ.

**રોટલો ને ઘી** : બટકું રોટલો ને થીજ્યું ઘી, દરિયો ધૂધવે રાત ને દી'

**તુવેર** : તુવેર કહે હું દાળ બનાવું, રસોઈનો રાખું રંગ, જે ઘરમાં તુવેર ના ખાય, એના જોઈ લેજો ઢંગ.

**અડદ દાળ** : ઘી-દૂધ વગર જોર જોઈએ, તો ખા અડદની દાળ પણ શ્રમ નિત કરવાનો, નિયમ તું રોજ પાળ.

**કાળા તલ** : કાળા તલ લઈ માખણે, એક માસ લગી ખાય તો વહેતા લોહી તણા મસા, જરૂરી મટી જાય, કાળા તલ હેમંતમાં ત્રણ તોલા નિત ખાય, શીતળ જળ ઉપર પીએ, દંત વ્રજ થઈ જાય

**અન્ન** : જેવું ખાય અન્ન, તેવું થાય મન, જેવું થાય મન, તેવું થાય તન

**અર્થ :** આહાર સાત્વિક હોય તો મન સાત્વિક થાય. મન-વિચારો સાત્વિક હોય તો શરીરથી ક્રિયામાં, કર્મ સારા થાય. સારા વિચારો કરનાર તનથી તંદુરસ્ત રહે અને ખરાબ ખાનાર, ખરાબ વિચારના તનથી રોગી બને.

---

## ગઝલ - હરીશ

લાગણી છલકાય જેની વાતમાં, એક-બે જણ હોય એવા, લાખમાં,
બંધ ઘરમાં ના જવું એ સૂચના, જાવ તો આવે કશું ના હાથમાં
છે વિરોધાભાસથી ભરપૂર પણ શબ્દકોશ આખો તમારી આંખમાં
ચીસ પાડીને પછી કહેવી પડી, વાત કરવાની હતી, જે કાનમાં
હૈયું ખોલે ને શરત એવી કરે, તું પ્રવેશી ના શકે આ દ્વારમાં

સંકલન

## સમય

હાથમાંથી આમ સરી જાય છે સમય, કોઈથી ક્યાં પકડાય છે સમય...
સમજવી બહુ કઠિન છે એની ચાલ, ઘડીમાં પાસા પલ્ટી જાય છે સમય...
એની તાસીરને જે પારખી શકે,, પછી એનો અહીં કહેવાય છે સમય...
એની કસોટીમાં જરા ડગી ગયા તો, રાયને રંક કરી જાય છે સમય....
દિલથી એને ક્યાં સમજી શક્યા છીએ, વિત્યા પછી એની સમજાય છે સમય...

# ચાણક્યના સૂત્રમાં 'કાગડા'ના પાંચ ગુણ

જીવન દરમ્યાન ગુણગ્રાહી દ્રષ્ટિ કેળવવી જરૂરી છે. ચાણક્યને કાગડામાંથી એક નહીં પાંચ ગુણો ગ્રહણ કરવા જેવાં દેખાય છે.

**(૧) કાગડાનો પ્રથમ ગુણ છે, છુપાઈને પ્રેમલાપ કરવો.**

કુતરાઓ અને કબૂતરો જાહેરમાં રતિક્રિડા કરતા જોવા મળે છે. પણ કાગડાઓ ક્યારેય પોતાની વાસનાનું પ્રદર્શન કરતા નથી. આજે મોટાં શહેરોમાં જાહેર બગીચાઓ અને સિનેમાના થિયેટરો પ્રેમની જાહેર અભિવ્યક્તિનાં સ્થાન બની ગયા છે, ત્યારે માનવજાતે કાગડા પાસેથી કાંઈક શીખવાની જરૂર છે.

**(૨) કાગડાનો બીજો ગુણ છે નિયમિત પોતાના માળામાં ખાદ્ય પદાર્થોનો સંગ્રહ કરવો.**

જેમને જીવતાં રહેવું છે તેમણે ભવિષ્યની ચિંતા કરવી જોઈએ. જેઓ ભવિષ્ય માટે નાની નાની રકમ પણ બચાવી રાખે છે, તેમણે મુશ્કેલ પરિસ્થિતિમાં ભૂખે મરવાનો અથવા કોઈની પાસે હાથ લાંબો કરીને લાચારી વ્યક્ત કરવાનો પ્રસંગ આવતો નથી.

**(૩) કાગડાનો ત્રીજો ગુણ છે સતત સાવધાન રહેવાનો.**

તેને કારણે કાગડાનો શિકાર કરી શકાતો નથી. આપણે કાગડાની જરાક નજીક જઈએ છીએ કે તરત જ તે ઊડી જાય છે. આપણે પણ કાગડાની જેમ સતત સતર્ક રહેવું જોઈએ, કદી ગફલતમાં રહેવું જોઈએ નહીં. જેથી કોઈ આપણા ઉપર હુમલો કરીને આપણને નુકશાન પહોંચાડી જાય નહીં.

**(૪) કાગડાનો ચોથો ગુણ છે, કોઈનો વિશ્વાસ ન કરવો તે.**

રાજકારણમાં અને ધંધામાં ટકી રહેવું હોય તો આ ગુણ ખૂબ જરૂરી બની રહે છે. પૈસા બાબતમાં રાજકારણમાં ઘરના જ ઘાતકી બને છે.

**(૫) કાગડાનો પાંચમો ગુણ છે કાગડા ઉપર જ્યારે પણ કોઈ આપત્તિ આવી પડે ત્યારે તે કાં-કાં કરીને પોતાનાં જાતભાઈઓને ભેગા કરી દે છે.**

બીજા કાગડાઓ પણ પોતના જાતભાઈ આપત્તિમાં છે એમ જાણીને બીજા કામો પડતાં મૂકીને વહારે ચડી આવે છે. આ રીતે જાતભાઈને આપત્તિના સમયમાં મદદ કરવાનો ગુણ કાગડામાંથી લેવો જોઈએ, એમ ચાણક્ય કહે છે, તેની જે કોમમાં કે જ્ઞાતિમાં જાતભાઈઓને મદદ કરવાનો ગુણ છે, તેની વર્તમાનકાળમાં પણ ઝડપી તરક્કી, પ્રગતિ થતી જોવા મળે છે.

---

લીમડાના પાનના ફાયદા બધા જણાવે છે પણ તેનો ઉપયોગ કઈ વસ્તુઓમાં કરી શકાય છે. વાળમાં ખોડો થાય તો પણ તેને નષ્ટ કરે છે. આયુર્વેદમાં તેના અનેક ફાયદા છે જે આ પ્રમાણે છે.

૧. લીમડાના પાનમાં ફંગસવિરોધી અને જીવાણુવિરોધી ગુણ જોવા મળે છે. આ ખોડાની સારવાર અને માથાની ત્વચાને ઠીક રાખવામાં પણ મદદ કરે છે. લીમડાના પાનને પાણીમાં ઉકાળીને તેનો ઉપયોગ કરવાથી ખોડો ઠીક થઈ જાય છે.

૨. મસૂઢાની બીમારીઓમાં પણ લીમડો લાભકારી હોય છે. આ મસૂઢાના સોજાને ખતમ કરે છે. આ ઉપરાંત મોઢામાંથી આવનારી દુર્ગંધને પણ મારે છે. લીમડાના પાનનો રસ મસૂઢા પર રગડવાથી ફાયદો થાય છે.

૩. લીમડાના પાનને ખાવાથી ડાયાબીટીસના રોગીઓને લાભ થાય છે.

૪. લીમડાના પાન પેટના કીડાને પણ મારે છે. ખાલી પેટ લીમડાના પાનને ચાવવાથી પેડાના કીડા મરે છે અને આ સમસ્યાથી રાહત મળે છે.

# કે.એમ.જી. જનરલ હોસ્પિટલ ટ્રસ્ટ, બાલાસિનોર

**બાલાસિનોરની કે.એમ.જી.જનરલ હોસ્પિટલ (કુણીવાલા કેમ્પસ) માં નીચે મુજબના કેમ્પ યોજવામાં આવેલ.**

**(૧) ઈકો કેમ્પ :** તા. ૪-૮-૨૦૧૯ના રોજ યોજવામાં આવેલ. કુલ ૩૪ દર્દીઓના ઈકો રાહતદરે કરવામાં આવેલ.

**(૨) છારી કાઢવાનો કેમ્પ :** તા. ૧૬-૮-૨૦૧૯ના રોજ યોજવામાં આવેલ. કુલ ૧૪ દર્દીઓની આંખમાંથી રાહત દરે છારી કાઢવામાં આવેલ.

**કે.એમ.જી. જનરલ હોસ્પિટલમાં તા. ૧-૪-૨૦૧૯ થી તા. ૩૧-૭-૨૦૧૯ દરમ્યાન થયેલ કામગીરી**

| | | | |
|---|---|---|---|
| ૧. મણીબેન મણીલાલ ધારીઆ | ડિસ્પેન્સીંગ વિભાગ (મેડીકલ) | - | ૭૩૭૨ |
| ૨. શ્રીમતી શર્મિષ્ઠાબેન અને રજનીકાંત નટવરલાલ કડકીઆ (ચોકસી) | ગાયનેક વિભાગ | - | ૩૧૦૮ |
| ૩. શાંતિલાલ રવચંદાસ શાહ (ચોકસી) | સર્જીકલ વિભાગ | - | ૧૮૨૪ |
| ૪. ઈચ્છાબેન ઓચ્છવલાલ જેઠાલાલ દેસાઈ (દેડકી) | મોબાઈલ વિભાગ | - | ૧૭૬૧ |
| ૫. પુનમચંદ ચંદુલાલ શાહ કડકીઆ | ઈમરજન્સી વિભાગ | - | ૪૫૪ |
| ૬. લીલાબેન કીર્તનલાલ દોશી | નેત્ર વિભાગ | - | ૪૭૮૭ |
| ૭. આ ઉપરાંત બીજા વિભાગના દર્દીઓ | | - | ૩૦૭૦ |
| **કુલ લાભ લીધેલ દર્દીઓ** | | - | **૨૨૩૭૬** |

**કમળાબેન શાંતિલાલ પરીખ (કુવાવાળા)**
**સુપર સ્પેશ્યાલીટી સેન્ટરમાં**
**તા. ૧-૪-૨૦૧૯ થી તા. ૩૧-૭-૨૦૧૯**
**દરમ્યાન નીચે મુજબના દર્દીઓએ લાભ લીધેલ છે.**

ઓર્થોપેડીક - ૮૨૧, ઈ.એન.ટી. - ૪૧૯, સ્કીન - ૯૨૬, ઈમરજન્સી - ૭૭૬, ફીજીશીયન - ૫૬૦૩, ડેન્ટલ - ૨૩૧, ગેસ્ટ્રોલોજી - ૬૦, ન્યુરોસર્જરી - ૦૬, ફીજીયોથેરાપી - ૧૫૭ મળીને કુલ ૮૯૯૯ દર્દીઓએ લાભ લીધેલ છે.

**ડીમ્પલ રૂપેશ પરીખ દર્દી આર્થિક રાહત મિતી યોજનામાં રૂા. ૧૧૦૦૦/-નો ફાળો નોંધાવી ગરીબ દર્દીઓને રાહત દરેક દવાઓ આપવા સહભાગી થવા દાતાશ્રીઓને વિનંતી.**

**માનદ્ મંત્રીઓ**
**શ્રી નિતીન પરીખ, શ્રી પરેશ પરીખ**

## પ્રકીર્ણ વિભાગ

### તેજસ્વી તારલા

✤ **ચિ. સાકેત નીષીન પરીખ** C.A. Final માં ઉત્તીર્ણ થયા છે તથા M.Com. માં ૬૩.૬૨ ગુણાંક સાથે ઉત્તીર્ણ થયા છે.

✤ **ચિ. જૈનીલ સંજય કડકીઆ** ધોરણ ૧૨ માં મહારાષ્ટ્ર બોર્ડની પરીક્ષામાં ૯૧.૬૦% સાથે ઉત્તીર્ણ થયા છે.

ઉપરોક્ત વિદ્યાર્થીઓને સંસ્થા વતી અભિનંદન.

### મૃત્યુ નોંધ

| | વર્ષ |
|---|---|
| ✤ મંજુલાબેન જેઠાલાલ શાહ (ગુંથરીવાલા) | ૯૩ |
| ✤ કેતન નવનીતલાલ ધારીઆ | ૫૧ |
| ✤ કોકીલાબેન શીરીષ મોદી | ૮૨ |
| ✤ નીરવ જીતુભાઈ કડકીઆ | ૪૪ |
| ✤ કાન્તીભાઈ ખડુભાઈ નાઈક | ૭૪ |

**પ્રભુ સદ્ગતના આત્માને શાંતિ અર્પે એવી પ્રાર્થના.**

**નેત્રદાન (ચક્ષુદાન) માટે સંપર્ક કરો - ૧૯૧૯**

Authorised Distributors

POLYCAB

WIRES & CABLES





- FR/FR-LSH-PVC INSULATED INDUSTRIAL MULTI STRAND CABLES
- PVC INSULATED INDUSTRIAL FLEXIBLE SINGLE / MULTI CORE CABLES
- 3 CORE FLAT SUBMERSIBLE CABLES / SERVICE WIRES
- HT / LT POWER AND CONTROL CABLES
- RAILWAY SIGNALLING / QUAD CABLES
- COAXIAL / TELEPHONE / LAN CABLES
- WELDING / BRAIDED CABLES
- JELLY FILLED TELEPHONE CABLES
- INSTRUMENTATION CABLES
- SPEAKER / CCTV CABLES
- RUBBER CABLES
- FIRE SURVIVAL CABLES
- LIGHTING & LUMINARIES
- SWITCHES & SWITCHGEARS
- UPVC CONDUITS & FITTINGS
- CABLE GLANDS & LUGS
- FANS & APPLIANCES

AMRISH KACHARIA +91 9769025153

PRABHAT WIRES LLP

1st Floor, Govind Niwas, 99/101, Lohar Chawl, Mumbai - 400 002.
Tel.: +91 22 4972 4848 (10 Lines) • Talk Free : *7444 / *7619
Email : sales@prabhatwires.in | Website : www.prabhatwires.in

Regd.No.MCS / 050 / 2018 - 20
Posted at Mumbai Patrika Channel Sorting Office,
Mumbai - 400 001 on 20th & 21st of every month

**ANUKOOL** selections

**BACK TO SCHOOL VIA ANUKOOL**

**SCHOOL UNIFORMS & ACCESSORIES FOR ALL LEADING SCHOOLS**

**NAVIN PAREKH** **RASESH PAREKH**

Anukool Selections, 542, Sandhurst Bridge, Chowpatty,Mumbai - 400 007.
Contact: 2361 2848 - 2369 4166, E: anukoolselections@gmail.com,
www.anukoolselections.com

Printed, Published & Edited by Bankim Rajnikant Parikh on behalf of Shree Balasinor Navyuvak Sangh
& Printed at Lohana Hitechhu, 6/B, Mohatta Bhavan, 3rd Floor, E. Moses Road, Worli
Mumbai - 400018 & Published at 118/120, Ardeshar Dadi Street, 2nd Floor, V.P.Road, Mumbai - 400004.